# પેપર લીક કાંડમાં દિલ્હી ગેંગના બે સૂત્રધારો ઝડપાયા

**દિલ્હીની પેપર લીક ગેંગ અને ગુજરાતની ગેંગ વચ્ચે ૨૮મી એ અમદાવાદની હોટલમાં મિટિંગ થઈ હતી : દિલ્હીના સૂત્રધારના ઘરે કરાયેલા સર્ચ ઓપરેશનમાં દરેક રાજ્યની આવી પરીક્ષાઓની માહિતી પુસ્તિકા મળી આવી : ટૂંક સમયમાં આખી ચેનલ બહાર પાડી દઈશું :એસપી**

ગાંધીનગર, તા.૧૦

લોક રક્ષક પેપર લીક કાંડમાં ગાંધીનગર પોલીસે અત્યાર સુધી ૧૧ આરોપીઓની ધરપકડ કરી હતી દરમિયાન આજે વધુ બે સૂત્રધારોને પકડી પાડવામાં આવ્યા છે. પેપર લીક કાંડની તપાસમાં દિલ્હીની એક ગેંગ હોવાનું બહાર આવ્યા બાદ અલગ અલગ પાંચ રાજ્યોમાં ગાંધીનગર પોલીસ સહિત એટીએસ અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમો દોડતી થઈ ગઈ હતી. આજે દિલ્હી ગેંગના બે સાગરિતોને પકડી પાડી ગાંધીનગર પોલીસે બંનેની ધરપકડ કરી લીધી છે. દિલ્હી ગેંગના પકડાયેલા સૂત્રધારોની પૂછપરછમાં મોટા ખુલાસાઓ થઈ શકે તેવી શક્યતા છે. પેપર લીક ક્યાંથી થયું અને તેના પાછળ કોણ કોણ મુખ્ય સૂત્રધાર હતા તે સહિતની આખી ચેનલ ટૂંક જ સમયમાં બહાર પાડી દઈશુ તેમ ગાંધીનગર એસ.પી.એ જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે દિલ્હી ગેંગ અને ગુજરાતની ગેંગ વચ્ચે ૨૮મી તારીખે અમદાવાદની જ એક હોટલમાં મિટિંગ થઈ હતી અને સમગ્ર પેપર લીક પ્રકરણનુ ષડયંત્ર રચીને અંજામ અપાયો હતો.

ગાંધીનગર પોલીસે દિલ્હી ગેંગના વિનિતકુમાર માથુરની ધરપકડ કરી છે. આ સિવાય ગુજરાત એટીએસ અને ક્રાઈમબ્રાંચની ટીમે મુળ રતલામના રહેવાસી અશોક સાહુને ઈન્દોરથી ગઈ રાત્રે ઝડપી લીધો હતો જેને આજે મોડી રાત્રે ગુજરાત લવાયો હતો. સમગ્ર કૌભાંડનું ષડયંત્ર અમદાવાદમાં આશ્રમ રોડની પરની હોટેલ વાઈસ પ્રેસિડેન્ટમાં રચાયું હતું. જ્યાં વિનિત, અશોક



સહિતના દિલ્હીની ગેંગ સભ્યો અને ગુજરાતના આરોપીઓ નિલેશ દિલીપભાઈ ચૌહાણ (વડોદરા), સુરેશકુમાર ડાહ્યાલાલ પંડ્યા (નવા નરોડા), અશ્વિનકુમાર શ્રુતિકર પરમાર (દશક્રોઈ,અમદાવાદ) તથા મુખ્ય હરિયાણાનો રહેવાસી મનિષસિંગ બલવંતસિંઘ શર્મા હતો. આ સાથે અશોક સાહુ પણ હાજર હતો. અમદાવાદની મિટિંગમાં નક્કી થયા મુજબ નિલેશ

### અશોક સાહુ એપ્રિલમાં મધ્યપ્રદેશમાં પેપરલીક કાંડમાં પકડાયો હતો

ઈન્દોરથી ઝડપાયેલો રતલામનો રહેવાસી અશોક સાહુ મધ્યપ્રદેશના માર્ચ-એપ્રિલમાં થયેલા એફસીઆઈના પેપરલીક કાંડનો સુત્રધાર હોવાનુ બહાર આવ્યુ છે. જેમાં ૪૮ ઉમેદવારો અને ૨ એજન્ટ મળી કુલ ૫૦ શખ્સોની ધરપકડ થઈ હતી. આ કેસમાં અશોક સાહુ અને મનિષસિંઘ બંને આરોપી હતા. અશોકની ધરપકડ બાદ તે જામીન પર છુટ્યો હતો. આ દરમિયાન તેણે ગુજરાતનું પેપર ફોડવામાં મુખ્ય ભૂમિકા ભજવી હોવાનુ બહાર આવી રહ્યુ છે. મનિષસિંઘ હજુ સુધી પકડાયો નથી પરંતુ ગુજરાત પોલીસની ટીમો તેની બહુ નજીક છે તે પણ ટુંક સમયમાં પકડાઈ જશે તેમ એસપીનુ કહેવુ છે.

મળ્યા હતા. પેપરલીકનું સમગ્ર ષડયંત્ર રચવા માટે ૨૮ નવેમ્બરના રોજ અમદાવાદ આશ્રમ રોડ પર આવેલી હોટેલ વાઈસ પ્રેસિડેન્ટમાં એક મિટિંગ મળી હતી. હાલ ફરાર અગાઉ પકડાયેલો ઈન્દ્રવદન પરમાર ગુજરાત ગેંગના મુખ્ય સુત્રધારો છે જે દિલ્હીની ગેંગને મળ્યા હતા. દિલ્હીની ગેંગમાંથી ચાર સાગરીતો હાજર હતા જેમાં તમામ ઉમેદવારોને બાયરોડ અલગ-અલગ ગાડીઓમાં દિલ્હી લઈ ગયો હતો. જેમાં અલગ-અલગ ગાડીઓમાં સુરેશ અને અશ્વિન પણ બાય રોડ દિલ્હી ગયા હતા. ગુજરાતના ઉમેદવારોને દિલ્હીમાં જે સ્થળોએ પેપર બતાવાયા હતા તે સ્થળો અને સુરક્ષાની તમામ વ્યવસ્થા વિનિત માથુરે કરી હતી જેને હાલ ગાંધીનગર પોલીસે દબોચી લીધો છે. ઉમેદવારોને પેપર બતાવાયા ત્યારે તે પણ ત્યાં હાજર હતો.

ગાંધીનગર પોલીસ અને એલસીબીની એક ટીમ ચાર દિવસ પહેલાં બે આરોપીને લઈને બાય રોડ દિલ્હી લઈ ગઈ હતી. જે આજે પરત ગાંધીનગર આવી પહોંચી છે. જેમાં તેઓ રસ્તામાં ક્યાં-ક્યાં રોકાયા હતા તેની વિગતો અને સીસીટીવી એકત્ર કરાયા છે. જેમાં કેસમાં મજબૂત પુરાવા રૂપે કામે લાગી શકે તેમ છે.

ગુજરાત પોલીસે રતલામમાં અશોક સાહુના ઘરે તપાસ કરી ત્યારે તેના ઘરેથી દેશના દરેક રાજ્યમાં જે પરીક્ષાઓ લેવાય છે તે દરેક પરીક્ષાની માહિતિ પુસ્તિકાઓ મળી છે. એટલે પોલીસને શંકા છે તે એફસીઆઈ અને લોકરક્ષક દળની જેમ તેની અનેક પેપરલીક કાંડમાં સંડોવણી હોઈ શકે છે.

એસ.પીએ જણાવ્યુ છે કે પેપર ક્યાંથી લીક થયું તે હજુ સુધી સામે નથી આવ્યું પરંતુ મોટાભાગના આરોપીઓ સુધી એટીએસ, અમદાવાદ ક્રાઈમબ્રાંચ અને ગાંધીનગર પોલીસની ટીમો પહોંચી ગઈ છે. એટલે ન પકડાયેલા આરોપીઓ ટુંક જ સમયમાં પકડાય જશે અને ટુંક જ સમયમાં પેપરલીક કાંડની સમગ્ર ચેનલ બહાર આવી જશે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




પ્લીઝ, વન મીનીટ ડોક્ટર - એક સેલ્ફી લેવી છે...!!

## પ્રાંતિયા સ્મૃતિ વિકાસ શાળા ખાતે હોમગાર્ડ સ્થાપના દિન ઉજવાયો

તાલુકાના પ્રાંતિયા સ્થિત શારદા ટ્રસ્ટ સંચાલિત સ્મૃતિ વિકાસ શાખા( મંદબુધ્ધિ બાળકોની નિવાસી શાળા) ખાતે ચિલોડા હોમગાર્ડઝ તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે હોમગાર્ડ સ્થાપના દિનની ઉજવણી વિશ્વ વિકલાંગ દિને અને ડો.બી.આર.આંબેડકર નિર્વાણ દિને કરવામાં આવી હતી. આ દિવસે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે ચિલોડા હોમગાર્ડ સબ યુનિટના ઈનચાર્જ અધિકારી એન.કે.સોલંકી, તથા પીએલવી નટુભાઈ પટેલ, સંસ્થાના કન્વીનર વગેરે હાજર રહ્યા હતા. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે ડો.બી. આર. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. પી.એલ.વી. નટુભાઈ પટેલે હોમગાર્ડની સ્થાપના વિશે અને બંધારણના ઘડવૈયા ડો.બાબા સાહેબ આંબેડકર વિશે તેમજ વિકલાંગોની વિવિધ સ્કિમો વિશે સમજ પુરી પાડી હતી. કાર્યક્રમના અંતે દિવ્યાંગોને ફ્રુટ વિતરણ અને નાસ્તો આપી સંસ્થાની સેવાઓને બિરદાવી હતી.

## ચિલોડા સર્કલથી ૯ બોટલ લઈને જતા બે શખ્સો ઝડપાયા

ચિલોડા પોલીસને બાતમી મળી હતી કે બાઈક પર બે શખ્સો દારૂનો જથ્થો લઈને હિંમતનગર તરફ જઈ રહ્યાં છે. જેના આધારે ચિલોડા સર્કલે વોચ ગોઠવી પોલીસે ગઈ કાલે મોડી સાંજે ચિલોડા સર્કલ પાસેથી બાઈક પર દારૂની ખેપ મારતા બે શખ્સોને પકડી પાડ્યા હતા. પોલીસે બ્લોક નં.૫૨/૪, જ-ટાઈપ, સેક્ટર-૧૭ માં રહેતા કમલેશ કાંતીલાલ ખોખર અને કોલવડાના પગીવાસમાં રહેતા વિજય ગોવિંદજી ઠાકોરને ઝડપી લીધા હતા. બાઈક પર જઈ રહેલાં બંને શખ્સો પાસેથી કાળા કલરના થેલામાં રાખેલી વિદેશી દારૂની ૯ બોટલો ઝડપાઈ હતી.

# કિન્નરના સ્વાંગમાં આવીને દાગીના લઈ જનાર વોન્ટેડ આરોપી ઝડપાયો

**ઇન્ફોસિટી પોલીસ સ્ટેશનની હદમાં બે વર્ષ પહેલા આ ગેંગ દ્વારા ૧ લાખના દાગીના લઈ જઈને છેતરપિંડી આચરવામાં આવી હતી : એલસીબીએ નાસતા ફરતા આરોપીને મોરબીથી દબોચી લીધો : તેના સાગરીતો અગાઉ પકડાઇ ચૂક્યા હતા**

ગાંધીનગર, તા.૧૦

બે વર્ષ અગાઉ ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનની હદમાં આવેલા વિસ્તારમાં એક છેતરપીડીની વિચિત્ર ઘટના બની હતી જેમાં કિન્નરોના સ્વાંગમાં આવેલી ગેંગે મકાનમાં જઈ ગૃહિણીને વિશ્વાસમાં લઈ તેના દુઃખ દૂર થઈ જશે તેમ કહી વિધિના નામે એક લાખનાં દાગીના લઈ જઈ છેતરપિંડી આચરી હતી. આ પ્રકરણમાં અગાઉ કેટલાક સાગરિતો પકડાઈ ગયા હતા પરંતુ તેનો મુખ્ય સૂત્રધાર નાસતો ફરતો હતો. દરમિયાન ગાંધીનગર એલસીબીની ટીમને બાતમી મળી હતી કે આ સૂત્રધાર હાલ પોતાના ઘરે મોરબી ખાતે આવેલો છે. જેને આધારે એલસીબી ટીમ તેના ઘરે પહોંચી ગઈ હતી અને આરોપીને દબોચી લીધો હતો.

ગાંધીનગર એલસીબી પીઆઈ તરલ ભટ્ટની સૂચનાથી તેમની એક ટીમ નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે સક્રિય થઈ છે ત્યારે ગઈકાલે હેડ કોન્સ્ટેબલ દિલીપસિંહને ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનની હદમાં બે વર્ષ પહેલાનાં છેતરપિંડી અને વિશ્વાસઘાતનાં ગુનામાં નાસતો-ફરતો મુખ્ય સૂત્રધાર હાલ ક્યાં છે તે અંગે બાતમી મળી હતી. કિન્નરોના સ્વાંગમાં આવેલી ગેંગ દ્વારા ઈન્ફોસિટીની હદમાં એક મકાનમાં જઈને મહિલાને વિશ્વાસમાં લઈ તેના દુઃખ દૂર થઈ




જશે તેમ કહીને એક લાખની કિંમતનાં સોનાના દાગીના લઈ આ ગેંગ રફૂચક્કર થઈ ગઈ હતી. આ કિન્નર ગેંગના સાગરીતો અગાઉ પકડાઈ ચૂક્યા હતા પરંતુ મુળ રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના તરગડી ગામનો અને હાલ મોરબી ખાતે રહેતો મુખ્ય સૂત્રધાર પ્રવીણનાથ શામળનાથ પરમાર (બાવાજી) બે વર્ષથી નાસતો ફરતો હતો. આ ગુનાનો મુખ્ય સૂત્રધાર પ્રવીણ પરમાર હાલ પોતાના ઘરે મોરબી ખાતે આવ્યો હોવાની બાતમી એલસીબીના હેડ કોન્સ્ટેબલ દિલીપસિંહને મળતા એક ટીમ મોરબી પહોંચી ગઈ હતી અને ગઈકાલે આ આરોપીને તેના ઘરેથી જ દબોચી લીધો હતો. એલસીબીની ટીમે આ આરોપીની ધરપકડ કરીને ઈન્ફોસિટી પોલીસને સોંપવા કવાયત શરૂ કરી છે.

# બોન્ડેડ નર્સિંગ સહાયક પરિચારીકાઓને કાયમી કરવા માંગ

ગાંધીનગર, તા.૧૦

વર્ષ ૧૯૯૯ થી વર્ષ ૨૦૦૪ સુધીના સમયગાળામાં બોન્ડેડ નર્સિંગ સહાયક તરીકે ૬૦ કર્મચારીઓની ભરતી કરાઈ હતી. આ કર્મચારીઓ રાજયના વિવિધ જિલ્લામાં ફરજ બજાવે છે. બોન્ડેડ નર્સિંગ સહાયકના પગારમાં પણ વિસંગતતાઓ જોવા મળે છે. ત્યારે દોઢ દાયકાની સેવા બાદ રાજય સરકાર દ્વારા બોન્ડેડ નર્સિંગ સહાયકની સેવાઓને સમાપ્ત કરવાની વાત કરતા કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. સામાન્ય વેતનમાં વર્ષો સુધી બોન્ડેડ નર્સિંગ સહાયકમાં ફરજ બજાવ્યા બાદ અચાનક નોકરીમાંથી છુટા કરવામાં આવે તો આ કર્મચારીઓની હાલત જાયે તો જાયે કહા જેવી થાય છે. ત્યારે સહાયક પરિચારીકાઓએ રાજય સરકારના મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી સહાયક પરિચારીઓની બોન્ડ સેવાઓને બોન્ડેડ નિયમ અનુસાર નિયમિત કરવા માંગ કરી છે. જો સરકાર અમારી માંગણીનો યોગ્ય ઉકેલ નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આ પરિચારીકાઓ આંદોલન કરશે.

બોન્ડેડ નર્સિંગ પરિચારીકા તરીકે વર્ષોથી સેવા બજાવતા વર્ષા જાદવ જણાવે છે કે બોન્ડેડ નર્સિંગના રાજયભરના વિવિધ જિલ્લામાં ફરજ બજાવતા કુલ-૬૦ કર્મચારીઓ છીએ. વર્ષ ૧૯૯૯ થી ૨૦૦૪ સુધીના બોન્ડેડ ઉમેદવારો છીએ. જયારે વર્ષ ૧૯૯૯ થી ૨૦૦૪ સુધીના વર્ષમાં સનિનીયોરીટી મુજબ વર્ષ વાઈઝ ભરતી પ્રક્રિયા અમલમાં હતી.

**બોન્ડેડ કર્મચારીઓને કાયમી નહીં કરવામાં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન**

તે મુજબ ભરતી કરવામાં આવી હતી. ૨૦૦૪ થી ૨૦૦૯ સુધીના વર્ષમાં મેરીટના ધારા ધોરણો મુજબ ભરતી પ્રક્રિયા અમલી કરી નિયમિત ફીકસ પગારમાં પાંચ વર્ષ માટે નિમણુંક ઓર્ડર આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૯ પછી બોન્ડેડ સેવા સમાપ્ત કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૩માં આરોગ્ય વિભાગ દ્વારા બોન્ડેડ સમયગાળા પુરતા જ ઓર્ડરો ઈસ્યુ કરાયા હતા.

જયારે અમે નોકરીની રાહ જોતા રહ્યા અને ભરતી પ્રક્રિયાના નિયમોમાં ફેર બદલી થતા. બોન્ડ સમયની સેવાઓ આટલા ૧૩-૧૪ વર્ષના લાંબા સમયગાળા બાદ વર્ષ ૨૦૧૩ માં લેવામાં આવી. અમારી સાથેના અને ત્યારબદાના બોન્ડેડ કર્મચારીઓને આ સેવાનો લાભ આપવામાં આવ્યો છે અને નિયમિત કરવામાં આવ્યા છે.

બોન્ડ સેવામાં સમાવેશ પામેલા કર્મચારીઓને ક્યારેય છુટા કરાયા નથી. જો ૧૧ માસ ના બોન્ડવાળા કર્મચારીઓને કાયમી કરાયા હોય તો ૩ વર્ષના બોન્ડેડ કર્મચારીઓને કેમ નહી.ત્યારે રાજય સરકાર નિતી નિયમોમાં ફેરફાર કરી સુધારો લાવી અમોને જુના નિયમો મુજબ નિયમિત કરે તેવી અમારી લાગણી અને માંગણી છે.

# શહેરના તેજસ્વી પ્રજ્ઞાચક્ષુ યુવાન આરબીઆઈમાં શ્રેષ્ઠ દિવ્યાંગ કર્મચારી

ગાંધીનગર, તા. ૧૦

''રસ્તે પડ્યાં તો રણ મહીં રસ્તા પડી ગયા,
બેસી રહ્યાં જે કિનારે તે ભૂલાં પડી ગયા.''

કવિ ગની દહીંવાલાની આ પંક્તિઓ ગમે તેવી



પરિસ્થિતિમાં હિંમત હારીને બેસી જવા કરતા હિંમત હાર્યા વગર પરિસ્થિતિનો સામનો કરવા સાથે સફળતા દીધુ હતુ. જોકે તેમના કેન્સરની સર્જરી અને ત્યાર પછીની સારવાર કારગત નીવડી અને તેમાંથી તેઓ બહાર પણ આવી ગયા પરંતુ કેન્સરની હાઈડોઝની દવાઓની આડઅસર એ થઈ કે તેમની દૃષ્ટિ ચાલી ગઈ અને તેમના જીવનમાં જાણે અંધકારનું સામ્રાજ્ય પ્રસરી વળ્યુ હતુ. જો કે આ મુશ્કેલીમાં પણ ભૂપેન્દ્ર ત્રિપાઠીએ હિંમત હાર્યા વગર મુશ્કેલીઓને પડકાર ફેંકતા હોય તેમ જીવનને આગળ ધપાવ્યુ અને વર્ષ ૨૦૧૪માં રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયામાં મેનેજર તરીકેની નોકરી પ્રાપ્ત કરી હતી.

આરબીઆઈમાં નોકરી પ્રાપ્ત કરતા પહેલા ભૂપેન્દ્ર ત્રિવાઠીએ વર્ષ ૨૦૧૬માં જેએઆઈઆઈબી અને વર્ષ ૨૦૧૭માં સીએ આઈઆઈબી જેવી કઠિન પરીક્ષાઓ પણ પાસ કરી લીધી. વર્ષ ૨૦૧૮માં આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષની પરીક્ષા ૯૩ ટકા પરિણામ સાથે પાસ કરી જે પાસ

**સે. ૧ના ભૂપેન્દ્ર ત્રિપાઠીને ઉપરાષ્ટ્રપતિના હસ્તે સન્માન અપાયું : કેન્સરની સારવારમાં પાંચ વર્ષ પૂર્વે દૃષ્ટિ ગુમાવવા છતાં અડગ આત્મવિશ્વાસના બળે અસાધારણ સિદ્ધિ હાંસલ કરી : અગાઉ ટીસીએસ કંપનીમાં પણ નોકરી દરમિયાન બે ખિતાબ મેળવ્યાં હતા**

માટે પ્રયત્નશીલ રહેવાની શીખ આપે છે. ગાંધીનગરના એક યુવાને આજ નીતિને અનુસરીને કુદરતે લીધેલ કસોટીમાં તપીને શુદ્ધ કંચનની જેમ ઝળહળતા પ્રગટ થવાનુ કૌવલ દાખવ્યું છે. આ યુવાને એક એવી પૌરૂષગાથા સર્જી છે જેમાં અચાનક આવી ચઢેલી દિવ્યાંગતાને આંબીને યુવાન અસાધારણ સફળતાના શિખરે બિરાજમાન થયો છે. ગાંધીનગરના સેક્ટર-૧માં રહેતા ભૂપેન્દ્ર ત્રિપાઠી નામના યુવાને પાંચ વર્ષ પૂર્વે બિમારીના કારણે આંખોની દૃષ્ટિ ગુમાવવા છતાં ભારતીય રીઝર્વ બેન્કમાં મેનેજર પદે નોકરી પ્રાપ્ત કરી તાજેતરમાં તેમાં ઉપરાષ્ટ્રપતિના હસ્તે શ્રેષ્ઠ દિવ્યાંગ કર્મચારીનો એવોર્ડ પણ પ્રાપ્ત કર્યો છે.




નિવૃત્ત ઈન્કમટેક્ષ અધિકારી રાજેન્દ્ર ત્રિવેદી તથા ગૃહિણી લક્ષ્મીબેન ત્રિપાઠીના પુત્ર ભૂપેન્દ્ર ત્રિપાઠી ટીસીએસ કંપનીમાં આઈટી ડિપાર્ટમેન્ટમાં કાર્યરત હતા. આઠ વર્ષની આ નોકરી દરમ્યાન તેમને કંપનીમાં ''બેસ્ટ પ્રોગ્રામર'' તથા ''બેસ્ટ ટેકનિકલ'' કર્મચારી તરીકેના ખિતાબ પણ પ્રાપ્ત થયાં હતા. કંપની તેમને કોઈ કામસર ફિનલેન્ડ ખાતે મોકલવાની હતી તેવામાં ૨૦૧૨માં અચાનક તેમની તબિયત લથડી હતી અને નિદાનમાં તેમને કરોડરજ્જુમાં ''ટ્યુમર'' હોવાનું બહાર આવ્યું હતું. આ ટ્યુમરનું વધુ પરીક્ષણ કરાતા તે છેલ્લા સ્ટેજના કેન્સરની ગાંઠ હોવાનો રિપોર્ટ આવ્યો ને તબીબોએ તેમની જીવનદોરી ટૂંકી હોવાનું જણાવી કરનાર સમગ્ર વિશ્વમાં તેઓ પ્રથમ પ્રજ્ઞાચક્ષુ પરીક્ષાર્થી બન્યાં હતા. આ વર્ષે ભૂપેન્દ્ર ત્રિપાઠીએ આરબીઆઈમાં શ્રેષ્ઠ દિવ્યાંગ કર્મચારીનો એવોર્ડ પ્રાપ્ત કર્યો છે જે તેમને તાજેતરમાં નવી દિલ્હી ખાતે વિજ્ઞાનભવનમાં ઉપરાષ્ટ્રપતિ વેંકયા નાયડુના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ગુજરાતના રાજયપાલ ઓ.પી. કોહલીના હસ્તે રાજભવન ખાતે ''સ્વ. જગદીશ પટેલ પ્રજ્ઞાચક્ષુ પરિશ્રમ પારિતોષિક'' એનાયત કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ભૂપેન્દ્ર ત્રિવેદી બાળપણથી તેજસ્વી વિદ્યાર્થી હતા જેમણે સીબીએસઈ બોર્ડની ધો. ૧૨ની પરીક્ષામાં અને નિરમા યુનિવર્સિટીમાંથી એન્જિનીયરીંગમાં પણ ટોપર્સમાં સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ પરંતુ પ્રજ્ઞાચક્ષુ જેવી દિવ્યાંગતા લલાટે લખાયાં પછી પણ તેમણે પ્રાપ્ત કરેલી સિધ્ધિઓ શહેરના યુવા વર્ગ માટે પ્રેરણાદાયી બનવા પામી છે.

# રૂપાલ રોડ પરથી વિદેશી દારૂનો જથ્થો ભરેલી મારૂતી ફ્રન્ટી પકડાઈ

**ગ્રામભારતી ખાતે રહેતું દંપતિ આ ગાડીમાં દારૂની હેરાફેરી કરતુ હતુ : રૂ.૧.૧૦ લાખના મુદ્દામાલ સાથે બંનેની ધરપકડ**

ગાંધીનગર, તા.૧૦

પેથાપુર પોલીસને બાતમી મળી હતી કે વાસણ ગામ થી રૂપાલ તરફ જતા રોડ ઉપર એક મારૂતિ ફ્રન્ટી ગાડીમાં વિદેશી દારૂના જથ્થાની હેરાફેરી થઈ રહી છે. આ બાતમીના આધારે વોચ ગોઠવીને પેથાપુર પોલીસે બાતમી વાળી ગાડી પસાર થતા તેને કોર્ડન કરી પકડી પાડી હતી. ગાડીમાં એક દંપતી બેઠું હતું. ગાડીની અંદર તપાસ કરતા અંદરથી ૨૩૨ નંગ વિદેશી દારૂની બોટલનો જથ્થો મળી આવ્યો હતો. પેથાપુર પોલીસે દારૂની બોટલો અને બે મોબાઈલ તથા ગાડી મળી કુલ રૂ.૧.૧૦લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત જપ કરી દારૂની હેરાફેરી કરી રહેલા દંપતીની ધરપકડ કરી સઘન પૂછપરછ શરૂ કરી છે.

પેથાપુર પોલીસ મથકના પી.એસ.આઈ એ. જી. એનુરકારની ટીમ ગઈ કાલે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન કોન્સ્ટેબલ બેચરભાઈને ચોક્કસ બાતમી મળી હતી કે વાસણ ગામ થી રૂપાલ જતા રોડ ઉપર થી મારૂતી ફ્રન્ટી ગાડી નં. જીજે ૨ કે ૮૨૨૪ માં વિદેશી દારૂના જથ્થાની હેરાફેરી થઈ રહી છે. આ બાતમી મળતાં જ બાતમીવાળી કારને પકડી પાડવા પેથાપુર પોલીસની ટીમે રૂપાલ રોડ કલોલ તાલુકાના ગ્રામભારતી વિસ્તારમાં આવેલી દેવલ પાર્ક સોસાયટીના મકાન નં.૧૭માં રહેતુ એક દંપતી કરતું હોવાનું બહાર આવ્યું છે. પેથાપુર પોલીસે દારૂની હેરાફેરી કરી રહેલા આ પતિ-પત્નીને



ઉપર વોચ ગોઠવી દીધી હતી અને આ ગાડી ત્યાંથી પસાર થતાં જ તેને કોર્ડન કરીને પકડી લેવામાં આવી હતી. ગાડીમાં તપાસ કરતા અંદરથી રૂ.૬૯,૬૦૦ની કિંમતની કુલ ૨૩૨ નંગ દારૂની બોટલો મળી આવી હતી. આ દારૂની બોટલના જથ્થાની હેરાફેરી મૂળ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં આવેલા રામપુરી વિસ્તારમાં રહેતુ અને હાલ ગાંધીનગર જિલ્લાના પકડી પાડ્યા છે. મુકેશ સોમજીભાઈ ભગોરા તથા આશા મુકેશ ભગોરા બંનેની દારૂના જથ્થા સાથે ધરપકડ કરી પેથાપુર પોલીસે દારૂનો જથ્થો તથા બે મોબાઈલ અને ગાડી મળી કુલ રૂ.૧,૧૦,૬૦૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી આ માલ ક્યાંથી લાવ્યા હતા અને ક્યાં લઈ જવાઈ રહ્યો હતો તે સહિતની ઊંડી તપાસ શરૂ કરવામાં આવી છે.

## પ્રધાનમંત્રીના જનસંપર્ક અધિકારી સ્વ. જગદીશ ઠક્કરને મુખ્યમંત્રીની શ્રધ્ધાંજલિ

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નિવૃત્ત અધિક માહિતી નિયામક અને પ્રધાનમંત્રી કાર્યાલયના જનસંપર્ક અધિકારી સ્વ. જગદીશ ઠક્કરના દુઃખદ અવસાન અંગે શોકની લાગણી વ્યકત કરી શ્રધ્ધાંજલિ પાઠવી છે.

મુખ્યમંત્રીએ સ્વ. જગદીશ ઠક્કરને શ્રધ્ધાંજલિ પાઠવતા કહ્યું કે, વર્ષો સુધી સરકાર અને મિડીયા જગત વચ્ચે સેતુરૂપ ભૂમિકા નિભાવનારા જગદીશ ઠક્કર નિર્વિવાદ, નિસ્પૃહ અને નિખાલસ વ્યકિતત્વ ધરાવતા હતા.

## રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘના વરિષ્ઠ પ્રચારક ભાસ્કરરાવજી દામલેને મુખ્યમંત્રીની આદરાંજલિ

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાષ્ટ્રિય સ્વયં સેવક સંઘના વરિષ્ઠ પ્રચારક ભાસ્કરરાવજી દામલેના દુઃખદ નિધન અંગે શોક વ્યકત કરી સદગતના પાર્થિવ દેહ પર પૂષ્પાંજલિ અર્પણ કરી હતી. વિજયભાઈ રૂપાણીએ સોમવારે સવારે અમદાવાદ ખાતે રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘ કાર્યાલય જઈને સ્વ. દામલેજીને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા. મુખ્યમંત્રીએ સદગતને અંજલિ આપતા કહ્યું કે, રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘના પ્રચારક તરીકે અનેક યુવાઓમાં રાષ્ટ્રભાવના સિંચીત કરવાનું અદકેરૂં કાર્ય કરીને સ્વ. દામલેજીએ ગુજરાતમાં એક અર્થમાં પાયાના સેવકો તૈયાર કરવાનો યજ્ઞ આદર્યો હતો. પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્ર કાર્યો માટે સમર્પિત કરી દેનારા જૂની પેઢીના પ્રખર સેવકો પૈકી ભાસ્કર રાવજી એક હતા તેમ પણ મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતું. તેમણે કહ્યું કે, ગુજરાતને તેમના નિધનથી બહુ મોટી ખોટ પડી છે.